ફોજદારી કેસ નંબર ૬૦૭૮ / ૨૦૦૦

# આંક – ૧ લગત હુકમ

(૧) વી. એ.પી.પી. શ્રી ના આંક..૩૩....ની પુરસીસ તથા જિલ્લા કલેકટરશ્રી નો તારીખ ૧૧–૧૨–૨૦૧૯ ના રોજનો આદેશ નંબર જે–એકસ–ડોરમેન્ટ કેસ– ફા. નંબર ૧૭૦/૨૦૧૯ ધ્યાને લીધો, રેકર્ડ જોતા પુરતા પ્રયત્ન કરવી છતા આરોપીને પ્રોસેસની બજવણી થઇ શકતી નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિત કરી શકાતી નથી.આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે, જેથી હવે ઇન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી વાર મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાને કારણે ઇફિકટીવ ફોજદારી કેસની ઇન્સાફી કાર્યવાહીમાં પણ પુરતુ ધ્યાન આપી શકાતુ ન હોય, આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઇફિકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય, તેવા શુભઆશય સાથે આ કેસની ઇન્સાફી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ –૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેંચવા આસીસ્ટન્ટ પબ્લીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવે છે અને આ ફોજદારી કેસમાં પુરાવો નોંધાયેલ ન હોય, આરોપીને બિન– તહોમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

મુદામાલ અંગે અગાઉ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો અગાઉ કોઇ હુકમ કરવામાં ન આવેલ

હોય તા માલિકી હકક અંગેની ખરાઇ કર્યા બાદ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. જો ઉપર મુજબ ની કાર્યવાહીથી મુદામાલ નો નિકાલ ન થઇ શકે તેમ હોય તો ત.ક.અ. અમલદાર/ સંબંધીત પોલીસ સ્ટેશન ના અધિકારીએ સી.આર.પી.સી. કલમ ૧૦૨ (૩) મુજબ ની કાર્યવાહી કરવી. જો તે પણ થઇ શકે તેમ ન હોય તો સી.આર.પી.સી. કલમ ૪૫૮ મુજબની કાર્યવાહી કરી તેનો રીપોર્ટ કામમાં સામેલ રાખવો.

મુદામાલના હુકમ અંગે એક યાદી સંબધિત પોલીસ સ્ટેશન રાજકોટનાઓ ને મોકલવી.

ફોજદારી કેસ રજીસ્ટરે હુકમની નોંધ કરવી.

આજરોજ લોક અદાલતમાં સ્પેસ્યલ સીટીંગમાં હુકમ આજરોજ તારીખ ૧૪–૧૨–૨૦૧૯ ના રોજ મારી સહી કરી જાહેર કર્યો .

**રૂ०( એ.જે.રાણા )**
૭માં અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
રાજકોટ
(કોડ નંબર GJ00895)